==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

સંજીવ ગુપ્તા અને અન્ય

વિરુદ્ધ

ભારત સંઘ અને અન્ય

૧૬ નવેમ્બર, ૨૦૦૪

[આર. સી. લાહોટી, સી.જે., અશોક ભાન અને જી. પી. માથુર, ન્યાયમૂર્તિઓ]

ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૫૬; સુધારા અધિનિયમ, ૨૦૦૧/સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ સાથે કલમ ૧૩(બી) અને ૨૫:

યુ.એસ.એસ.આર. ની બિન-માન્યતાપ્રાપ્ત તબીબી સંસ્થાઓમાંથી મેડિકલ ડિગ્રી ધારકો-ભારતમાં તબીબી પ્રેક્ટિસ કરવા માટે કામચલાઉ/કાયમી નોંધણી મંજૂર કરવા માટેની અરજી-અરજદારો દ્વારા પૂર્ણ કરાયેલા મેડિકલ અભ્યાસક્રમોની વાસ્તવિકતા પર શંકા દર્શાવીને મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા નકારી કાઢવામાં આવી-તેની સામેનો પડકાર-હાઇકોર્ટે દ્વારા મંજૂર કરવામાં આવ્યો-સુપ્રિમ કોર્ટ દ્વારા ચોક્કસ સુધારાઓ સાથે માન્ય

રાખવામાં આવ્યો, જેમાં એક વખતની રાહત તરીકે કામચલાઉ નોંધણીની મંજૂરી આપવામાં આવી.

અધિનિયમમાં સુધારો–નામાંકન પહેલાં સંભવિત ઉમેદવારો માટે સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવો ફરજિયાત બનાવતી અનિવાર્ય જોગવાઈઓનો સમાવેશ–કામચલાઉ નોંધણી ધારકો દ્વારા કાયમી નોંધણી માટે અને નવા ઉમેદવારો દ્વારા કામચલાઉ નોંધણી માટે વૈધાનિક આવશ્યકતાઓમાંથી મુક્તિ આપવાની વિનંતી કરતી દાખલ કરાયેલી અરજીઓ–એમ.સી.આઈ. દ્વારા નકારી કાઢવામાં આવી–તેની સામેનો પડકાર–ઠરાવવામાં આવ્યું: ૧૫.૩.૨૦૦૧ પહેલાં વિદેશમાં પોતાના મેડિકલ અભ્યાસક્રમો પૂર્ણ કરનારા તબીબોને કામચલાઉ નોંધણી મંજૂર કરતી વખતે સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ભવિષ્યના કેસો માટે સુધારેલી માર્ગદર્શિકાઓ/સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સનું પાલન કરવામાં આવશે–અગાઉ કામચલાઉ નોંધણી મેળવી ચૂકેલા ઉમેદવારો માટે પણ બૃહદ જાહેર હિતમાં કાયમી નોંધણી મંજૂર કરવા પર વિચારણા કરતાં પહેલાં સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવો ફરજિયાત છે–કામચલાઉ નોંધણીની મંજૂરી તેમને કાયમી નોંધણી મેળવવાનો કોઈ આપમેળે અધિકાર પ્રદાન કરતી નથી–વિદેશમાં આવેલી માન્યતાપ્રાપ્ત તબીબી સંસ્થાઓમાં ઇન્ટર્નશીપ પૂર્ણ ન કરી હોય તેવા ઉમેદવારોને કામચલાઉ નોંધણી પણ નકારી શકાય છે–જોકે, સ્ક્રીનિંગ ટેસ્ટ ત્રણ પ્રશ્નપત્રોને બદલે માત્ર એક જ પ્રશ્નપત્રમાં અને પ્રી–ક્લિનિકલ તથા પેરા–ક્લિનિકલ વિષયોને ઓછું ભારણ આપીને યોજી શકાય છે–નિર્દેશો જારી કરવામાં આવ્યા–ભારતનું સંવિધાન, ૧૯૫૦–અનુચ્છેદ ૧૪૨.

આ અપીલો અને રીટ અરજીઓમાં વિચારણા માટે ઉપસ્થિત થયેલા પ્રશ્નો એ હતા કે ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર./વિદેશની માન્યતાપ્રાપ્ત/બિન–માન્યતાપ્રાપ્ત સંસ્થાઓમાંથી મેડિકલ સાયન્સમાં સ્નાતક/અનુસ્નાતક પદવી મેળવનાર અને ભારતમાં તબીબી વ્યવસાય કરવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિઓને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા કામચલાઉ/કાયમી નોંધણી મંજૂર કરી શકાય કે કેમ, અને ભવિષ્યમાં આવી નોંધણી મંજૂર કરતાં પહેલાં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ઘડવામાં આવેલી અને ભારત સરકાર તથા આ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ ઉમેદવારો માટે સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવો અનિવાર્ય રહેશે કે કેમ.

અરજદાર/અપીલકર્તાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે તેઓ ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટની કલમ ૧૩(બી) માં નિર્ધારિત શરતો પૂરી કરતા હોવાથી સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કર્યા વિના નોંધણી મેળવવા હકદાર હતા; કેન્દ્ર સરકાર તેના આવશ્યક કાર્યો કોઈ સ્વાયત્ત સંસ્થા/મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને સોંપી શકે નહિ, અને તેથી તે જાહેરનામું બંધનકર્તા ન હતું; અને વિદેશમાં આવેલી માન્યતાપ્રાપ્ત તબીબી સંસ્થાઓમાંથી તબીબી અભ્યાસક્રમ પૂર્ણ કરનારા ઉમેદવારો માટે સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવાની આવશ્યકતા જરૂરી ન હતી, અન્યથા તેમને વધારાની ઈન્ટર્નશીપ પૂર્ણ કરવા માટે કહી શકાય.

સામાવાળા–મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે કેન્દ્ર સરકારે પહેલેથી જ સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ

અમલમાં મૂકી દીધા હોવાથી ઉમેદવારોએ ભારતમાં તબીબી વ્યવસાય કરવા માટે તે નિયમો મુજબ સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવો જરૂરી રહેશે.

રીટ અરજીઓ અને અપીલો ફગાવી દેતાં, કોર્ટે

ઠેરવ્યું: ૧.૧. ૧૫.૩.૨૦૦૧ પહેલાં વિદેશમાં પોતાની મેડિકલ ડિગ્રી પૂર્ણ કરનારા ઉમેદવારોની નોંધણીનું નિયમન કરવા માટે કેન્દ્ર સરકારે માર્ગદર્શિકા ઘડી હતી. કોર્ટે સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને તે માર્ગદર્શિકાને મંજૂરી આપી હતી અને સમાન સ્થિતિ ધરાવતા તેવા તમામ ઉમેદવારોને, ભલે તેઓ આ કોર્ટ સમક્ષ પક્ષકાર હોય કે ન હોય, તે લાગુ પાડી હતી. કોર્ટે સ્પષ્ટપણે ઠેરવ્યું હતું કે જે ઉમેદવારોએ મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને નોંધણી માટે પહેલેથી જ અરજી કરી દીધી છે, તેમની અરજીઓ પસાર કરાયેલા હુકમો અનુસાર મંજૂર કે નામંજૂર કરવામાં આવશે અને આવી નોંધણી મળ્યા પછી ઉમેદવારોએ જરૂર જણાયે ઇન્ટર્નશીપ કે હાઉસમેનશીપ પૂર્ણ કરવાની રહેશે. એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ કોર્ટ દ્વારા માન્ય રખાયેલી માર્ગદર્શિકા એક વખતની રાહતના પગલા તરીકે હતી. પરંતુ ભવિષ્યના કેસો માટે સરકાર દ્વારા મંજૂર કરાયેલા એમ.સી.આઈ. ના સુધારેલા નિયમોનું પાલન કરવાનું રહેશે. કોર્ટનું આ તારણ સુધારેલા અધિનિયમના અમલ તેમજ ૧૫.૩.૨૦૦૧ પછી નોંધણી માટે અરજી કરનારા ઉમેદવારોને અધિનિયમની સુધારેલી જોગવાઈઓ લાગુ પડવા અંગે આ અરજીઓમાં અરજદારો દ્વારા ઉપસ્થિત કરાયેલી દલીલોનું નિરાકરણ લાવે છે.

[૭૦–એચ; ૭૨–એફ, જી; ૭૩–એચ; ૭૪–એ]

૧.૨. ભારત સરકારે સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ અમલમાં લાવવા માટે ૧૫.૩.૨૦૦૨ ની તારીખ નિયત કરી હતી. ૨૦૦૧ પહેલાં પ્રચલિત વહીવટી નીતિને કાયદાકીય નીતિનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. એમ.સી.આઈ. જે હેતુઓ અને ઉદ્દેશો સિદ્ધ કરવા માંગે છે તેને ધ્યાનમાં લેતાં આવી કાયદાકીય નીતિ, કે જેના હેઠળ વિદેશી યુનિવર્સિટીમાંથી પદવી મેળવનાર વિદ્યાર્થીને સ્ક્રીનિંગ ટેસ્ટ આપવો પડે છે, તેને ગેરવાજબી કે મનસ્વી કહી શકાય નહિ.

[૭૪–જી, ૭૫–એ]

૧.૩. ૧૫.૩.૨૦૦૨ પહેલાં મેડિસિન અભ્યાસક્રમમાં જોડાયેલા ઉમેદવારો પણ નિયમો અમલમાં આવ્યા તે પહેલાં જોડાયેલા હોવા છતાં સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ દ્વારા શાસિત થશે. આમ વર્ષ ૨૦૦૧ કે ૨૦૦૨ માં મેડિસિન અભ્યાસક્રમ પાસ કરનારા ઉમેદવારો વર્ષ ૨૦૦૩ માં અને ત્યારબાદ મેડિસિન અભ્યાસક્રમ પાસ કરનારા કે પાસ થનારા ઉમેદવારો કરતાં અલગ નથી.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વિરુદ્ધ ઈન્ડિયન ડોક્ટર્સ ફ્રોમ રશિયા વેલ્ફેર એસોસિએશન્સ અને અન્ય, [૨૦૦૨] ૩ એસસીસી ૬૯૬, પર આધાર રાખવામાં આવ્યો.

૧.૪. ૧૫.૩.૨૦૦૧ પછી કામચલાઉ નોંધણી માટે એમ.સી.આઈ. સમક્ષ અરજી કરનારા ઉમેદવારો સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ, ૨૦૦૨ ના પ્રારંભ

પછી કાયમી નોંધણી મેળવવા માટે પાત્ર બન્યા હતા અને ભારતમાં તબીબી વ્યવસાય કરવા માટે નોંધણી મંજૂર કરવામાં આવે તે પહેલાં તેમણે સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવો જરૂરી હતો. અધિનિયમની કલમ ૨૫ હેઠળ એમ.સી.આઈ. દ્વારા તેમને આપવામાં આવેલી કામચલાઉ નોંધણી ત્યારબાદ કાયમી નોંધણી મેળવવાનો કોઈ આપમેળે અધિકાર પ્રદાન કરતી ન હતી, કારણ કે તે કલમ હેઠળની કાયદાકીય જોગવાઈ સ્પષ્ટ કરે છે કે પ્રાયોગિક તાલીમ લેવાના હેતુ સિવાય અન્ય કોઈ હેતુ માટે કામચલાઉ નોંધણી મંજૂર કરી શકાતી નથી.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વિરુદ્ધ ઈન્ડિયન ડોક્ટર્સ ફ્રોમ રશિયા વેલ્ફેર એસોસિએશન્સ અને અન્ય, [૨૦૦૨] ૩ એસસીસી ૬૯૬, પર આધાર રાખવામાં આવ્યો.

૨. છ વર્ષનો મેડિસિન અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વિદેશમાં આવેલી માન્યતાપ્રાપ્ત તબીબી સંસ્થામાં ઈન્ટર્નશીપ પૂર્ણ ન કરી હોય તેવા ઉમેદવારને સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કર્યા વિના કામચલાઉ નોંધણી મંજૂર કરવી કાયદેસર રીતે શક્ય નથી. બૃહદ જાહેર હિતમાં સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કર્યા વિના કામચલાઉ નોંધણી મંજૂર કરીને અરજદારોને ઈન્ટર્નશીપમાં જોડાવા દઈ શકાય નહિ. તદુપરાંત, તે સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ, ૨૦૦૨ ના નિયમ ૩ થી વિરુદ્ધ છે. કોર્ટે સમગ્ર જનતાના હિતને પણ ધ્યાનમાં રાખવાનું હોવાથી અધિનિયમની જોગવાઈઓને અવગણીને અરજદારોને તબીબી વ્યવસાય કરવાની પરવાનગી આપી શકાય નહિ. એમ.સી.આઈ. દ્વારા નિર્ધારિત યોગ્ય લાયકાત ન ધરાવતી

વ્યક્તિને જાહેર આરોગ્ય સંભાળમાં સામેલ થવા અને માનવ જીવન સાથે ચેડાં કરવાની મંજૂરી આપી શકાય નહિ. તબીબી વ્યવસાય કરવા માટે કોણ યોગ્ય લાયકાત ધરાવે છે તે નક્કી કરવાનું કામ આ કોર્ટનું નથી. નિષ્ણાત સંસ્થા હોવાના નાતે એમ.સી.આઈ. આ બાબતનો શ્રેષ્ઠ નિર્ણાયક છે. જોકે, એમ.સી.આઈ. ને ત્રણ પ્રશ્નપત્રોને બદલે માત્ર એક જ પ્રશ્નપત્રમાં સ્ક્રીનિંગ ટેસ્ટ યોજવા અને મેડિસિન અભ્યાસક્રમના પ્રારંભિક વર્ષોમાં શીખવવામાં આવતા પ્રી–ક્લિનિકલ તથા પેરા–ક્લિનિકલ વિષયોને ઓછું ભારણ આપવાનો નિર્દેશ આપવામાં આવે છે. ભવિષ્યમાં સ્ક્રીનિંગ ટેસ્ટ માન્ય માર્ગદર્શિકા અનુસાર યોજવામાં આવશે.

[૭૫–ઈ–એચ; ૭૬–ડી]

સિવિલ મૂળ હકુમત : રીટ અરજી (સિવિલ) નંબર ૬૦૪/૨૦૦૪.

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ.

સાથે

રીટ અરજી (સિવિલ) નંબરો ૬૧૬, ૬૩૪/૨૦૦૨, ૨૨, ૧૧, ૧૪, ૧૬, ૨૬, ૨૫, ૨૭, ૩૩, ૩૪, ૩૯૧, ૪૦૪, ૪૮૮/૨૦૦૩, ૧૮૫, ૧૮૪, ૧૬૬, ૧૯૦, ૧૭૨/૨૦૦૪, દીવાની અપીલ નંબરો ૭૩૬૩–૬૫/૨૦૦૪.

ઉપસ્થિત પક્ષકારો તરફથી ડૉ. રાજીવ ધવન, સી. એસ. રાજન, મથાઈ એમ. પાઇકેડે, એ. કે. ચોપરા, આર. મોહન, એન. એન. ગોસ્વામી, મનોજ

ગોયલ, શુવોદીપ રોય, વજીહ શફીક, સુશ્રી સુરુચિ અગ્રવાલ, બ્રિજ ભૂષણ, સુશ્રી માલિની પોડુવલ, સુશ્રી લેન્મિંસગલુ રોંગમેઈ, સેંથિલ જગદીસન, વી. રામાસુબ્રમણ્યન, નરેશ કુમાર, પ્રવીણ કુમાર, શ્રીમતી બી. સુનિતા રાવ, બી. વી. દીપક, મોહિન્દર સિંઘ, જી. શિવબાલામુરુગન, વાય. અરુણાગિરિ, વી. એન. રઘુપતિ, સુશ્રી શોભા, ગૌતમ દાસ, વિશ્વ પાલ સિંઘ, એસ. કે. સિંહા, રાજીવ નંદા, એડોલ્ફ મેથ્યુ, સંજય જૈન, એસ. સી. પૌલ, મનોજ કુલશ્રેષ્ઠ, બી. એસ. મિત્તલ, પી. એન. પુરી, મનિન્દર સિંઘ, શ્રીમતી પ્રતિભા એમ. સિંઘ, અંકુર તલવાર, સૌરભ મિશ્રા, કીર્તિમાન સિંઘ, અંગદ મિર્ધા, એસ. એ. સૈયદ, હેમંત શર્મા, સુશ્રી આર. હકીન, ડી. એસ. માહરા, મનોજ સ્વરૂપ અને અજય કુમાર.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ ભાન દ્વારા આપવામાં આવેલ.

વિલંબ માફ કરવામાં આવે છે. એસ.એલ.પી. (સિવિલ) નંબરો ૨૩૫૮૨-૨૩૫૮૪/૨૦૦૪ (સીસી નંબર ૨૨૫૬-૨૨૫૮) માં પરવાનગી મંજૂર કરવામાં આવે છે.

રીટ અરજી (સિવિલ) નંબર ૬૦૪/૨૦૦૨ માં વચગાળાની અરજી મંજૂર કરવામાં આવે છે.

આ તમામ કેસોમાં સંકળાયેલા કાયદાના મુદ્દાઓ સમાન અથવા નજીવા ફેરફારો સાથે મળતા આવતા હોવાથી, જેનો ઉલ્લેખ ચુકાદાના પાછળના ભાગમાં કરવામાં આવશે, આ ચુકાદો ઉપરોક્ત તમામ કેસોનો એક સંયુક્ત ચુકાદા દ્વારા

નિકાલ કરશે.

રીટ અરજી (સિવિલ) નંબર ૬૦૪/૨૦૦૨, રીટ અરજી (સિવિલ) નંબર ૨૫/૨૦૦૩ અને રીટ અરજી (સિવિલ) નંબર ૩૩/૨૦૦૩ વર્ષ ૧૯૯૪ માં અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓની બેચને લગતી છે; જ્યારે રીટ અરજી (સિવિલ) નંબર ૬૧૬/૨૦૦૨, રીટ અરજી (સિવિલ) નંબર ૬૩૪/૨૦૦૨, રીટ અરજી (સિવિલ) નંબર ૧૧/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૧૪/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૧૬/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૨૬/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૨૫/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૨૭/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૩૪/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૪૦૪/૨૦૦૩, દીવાની અપીલ નંબરો ૭૩૬૩–૭૩૬૫/૨૦૦૪ (એસ.એલ.પી. (સિવિલ) નંબરો ૨૩૫૮૨–૨૩૫૮૪/૨૦૦૪/સીસી નંબરો ૨૨૫૬–૨૨૫૮ માંથી ઉદ્ભવતી) અને વર્ષ ૨૦૦૪ ની વચગાળાની અરજી ... વર્ષ ૧૯૯૫ માં અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને લગતી છે; રીટ અરજી (સિવિલ) નંબર ૩૯૧/૨૦૦૩, રીટ અરજી (સિવિલ) નંબર ૪૮૮/૨૦૦૩ અને રીટ અરજી (સિવિલ) નંબર ૧૯૦/૨૦૦૪ વર્ષ ૧૯૯૬ માં અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને લગતી છે; રીટ અરજી (સિવિલ) નંબર ૧૮૫/૨૦૦૪ અને રીટ અરજી (સિવિલ) નંબર ૧૭૨/૨૦૦૪ વર્ષ ૧૯૯૯ માં અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને લગતી છે; રીટ અરજી (સિવિલ) નંબર ૧૬૬/૨૦૦૪ વર્ષ ૨૦૦૦ માં અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને લગતી છે અને રીટ અરજી (સિવિલ) નંબર ૨૨/૨૦૦૩

માં અભ્યાસક્રમમાં જોડાયાનું વર્ષ દર્શાવવામાં આવ્યું ન હતું.

વર્તમાન કેસોની હકીકતો અને તેમાં સંકળાયેલા મુદ્દાઓ તરફ આગળ વધતાં પહેલાં, વર્તમાન અરજીઓ દાખલ કરવા તરફ દોરી ગયેલી પૃષ્ઠભૂમિની હકીકતો જણાવવી જરૂરી રહેશે.

પૃષ્ઠભૂમિની હકીકતો:

વર્ષ ૧૯૮૧ માં ભારત સરકારે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (જે હવે પછી "એમ.સી.આઈ." તરીકે ઉલ્લેખિત છે) ને ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ના રાજ્યોમાં આવેલી તબીબી સંસ્થાઓના તબીબી અભ્યાસક્રમોને માન્યતા આપવા અંગે વિચારણા કરવા વિનંતી કરી હતી. એમ.સી.આઈ. એ એવી માહિતી મેળવી હતી કે આ સંસ્થાઓમાં ગ્રેજ્યુએટ મેડિસિન અભ્યાસક્રમ ભાષાની એક વર્ષની તાલીમ પછી છ વર્ષનો હોય છે. ત્યારબાદ ઉમેદવારોએ ૧૨ મહિનાની ફરજિયાત ઇન્ટર્નશીપ કરવાની રહે છે. ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૫૬ (જે હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૧૩(૩) પણ તબીબી લાયકાત મેળવ્યા પછી એક વર્ષની ઇન્ટર્નશીપ પૂર્ણ કરવાની શરત નિર્ધારિત કરે છે. અધિનિયમની કલમ ૧૨ એવી જોગવાઈ કરે છે કે એમ.સી.આઈ. વિવિધ દેશોની તબીબી સંસ્થાઓની તબીબી લાયકાતોને માન્યતા આપી શકે છે કે જેમની સાથે પારસ્પરિકતાની યોજના અસ્તિત્વમાં હોય. એમ.સી.આઈ. તરફથી પ્રાપ્ત થયેલા અહેવાલ પર વિચારણા કર્યા પછી ભારત સરકારે વર્ષ ૧૯૮૬ માં ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ના રાજ્યોમાં આવેલી કેટલીક સંસ્થાઓને માન્યતા આપી

હતી. આવી સંસ્થાઓને અધિનિયમની બીજી અનુસૂચિમાં મૂકવામાં આવી હતી.

યુ.એસ.એસ.આર. ના વિભાજન પછી, વર્ષ ૧૯૯૪ ના પ્રારંભિક ભાગમાં મોસ્કો અને અલ્માટી સ્થિત ભારતીય દૂતાવાસો દ્વારા રશિયા અને સી.આઈ.એસ. દેશોમાં આવેલી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની ભરતી અને પ્રવેશ પ્રણાલીમાં ગંભીર ગેરરીતિઓ હોવાનો અહેવાલ આપવામાં આવ્યો હતો. શંકાસ્પદ ભૂતકાળ ધરાવતી વિવિધ ખાનગી એજન્સીઓ વ્યાપારી લાભ ખાતર ફૂટી નીકળી હતી અને મેડિકલ ઉમેદવારોને સ્પોન્સર કરતી હતી. આ દેશોમાં તબીબી શિક્ષણના ધોરણોમાં નોંધપાત્ર ઘટાડો પણ જોવા મળ્યો હતો. ભારતીય દૂતાવાસો તરફથી મળેલા પત્રવ્યવહારની પૃષ્ઠભૂમિમાં ભારત સરકાર ચિંતિત હતી કે જો આ સ્થિતિ ચાલુ રહેવા દેવામાં આવશે તો મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ શંકાસ્પદ ધોરણો ધરાવતી તબીબી સંસ્થાઓમાં ફસાઈ જશે. મોસ્કો અને અલ્માટી સ્થિત ભારતીય દૂતાવાસો તરફથી મળેલા પત્રવ્યવહારને ધ્યાને રાખીને આ સંસ્થાઓની માન્યતા ચાલુ રાખી શકાય કે કેમ તે અંગે ભારત સરકારે એમ.સી.આઈ. નો અભિપ્રાય માંગ્યો હતો. એમ.સી.આઈ. એ ૧.૧૧.૧૯૯૪ ના રોજ કેન્દ્ર સરકારને પોતાનો અભિપ્રાય મોકલીને અધિનિયમની બીજી અનુસૂચિમાં સમાવિષ્ટ ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ની તમામ મેડિકલ ડિગ્રીઓની માન્યતા રદ કરવાની ભલામણ કરી હતી.

આ સંજોગોમાં ભારત સરકારે માર્ચ ૧૯૯૫ માં વર્તમાનપત્રોમાં એક જાહેરખબર પ્રસિદ્ધ કરીને સામાન્ય જનતાને જાણ કરી હતી કે રશિયા અને અન્ય

સી.આઈ.એસ. દેશોમાં અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવા ભારત સરકાર દ્વારા કોઈ ખાનગી એજન્સીને અધિકૃત કરવામાં આવી નથી અને આવી ખાનગી એજન્સીઓ મારફતે મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને ચેતવણી આપી હતી કે તેઓ પોતાના જોખમે તેમ કરશે અને તે દેશોમાં આવા મેડિકલ અભ્યાસક્રમોમાં જોડાનારા વિદ્યાર્થીઓ અંગેના કોઈપણ પરિણામો માટે ભારત સરકાર જવાબદાર રહેશે નહિ.

વર્ષ ૧૯૯૬ માં મોસ્કો સ્થિત ભારતીય દૂતાવાસના કાઉન્સેલર (શિક્ષણ) એ એમ.સી.આઈ. અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયના ધ્યાને આ વાત મૂકી હતી કે રશિયન આરોગ્ય મંત્રાલયે ભારતમાં ખાનગી એજન્સીઓ મારફતે સ્પોન્સર કરાયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું ચાલુ રાખ્યું હતું. તેમણે એવો પણ અહેવાલ આપ્યો હતો કે રશિયન શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક ધોરણોમાં ઘટાડો થયો હતો અને નૈતિકતાનું સ્પષ્ટ પતન થયું હતું, જેના કારણે અયોગ્ય વિદ્યાર્થીઓ આ સંસ્થાઓમાંથી પોતાનું તબીબી શિક્ષણ પૂર્ણ કરશે નહિ તેની ખાતરી રાખવી અશક્ય બની ગઈ હતી. ત્યાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની ક્ષમતામાં પણ તીવ્ર ઘટાડો થયો હતો. કાઉન્સેલરે વધુમાં જણાવ્યું હતું કે અગાઉ ભારતીય વિદ્યાર્થીઓ તેમના ઉચ્ચ શૈક્ષણિક દેખાવ માટે જાણીતા હતા, પરંતુ દુર્ભાગ્યે હવે તે સ્થિતિ રહી ન હતી.

એમ.સી.આઈ. એ એવી માહિતી પણ એકત્રિત કરી હતી કે મેડિકલ ડિગ્રી

અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાત્રતા ન ધરાવતા ઘણા ભારતીય વિદ્યાર્થીઓએ રશિયન તબીબી સંસ્થાઓમાં પ્રવેશ મેળવી લીધો હતો. આમાંના કેટલાક વિદ્યાર્થીઓએ ૧૦+૨ ની પરીક્ષામાં ૫૦% કરતાં ઓછા ગુણ મેળવ્યા હતા અને ઘણા વિદ્યાર્થીઓએ શાળામાં જીવવિજ્ઞાન વિષયનો અભ્યાસ કર્યો ન હતો. તદુપરાંત, એવા ઘણા વિદ્યાર્થીઓ હતા કે જેમણે શરૂઆતમાં એમ.સી.આઈ. દ્વારા માન્યતાપ્રાપ્ત ન હોય તેવી સંસ્થાઓમાં પ્રવેશ લીધો હતો અને ત્યાં અભ્યાસક્રમનો અમુક ભાગ પૂર્ણ કર્યા પછી પોતાની પદવી પૂર્ણ કરવાના હેતુથી એમ.સી.આઈ. દ્વારા માન્યતાપ્રાપ્ત સંસ્થામાં સ્થળાંતર કર્યું હતું. એવા અન્ય વિદ્યાર્થીઓ પણ હતા કે જેમણે છ વર્ષ કરતાં ઓછા સમયગાળામાં પોતાના મેડિકલ ડિગ્રી અભ્યાસક્રમો પૂર્ણ કર્યા હતા.

ભારત સરકાર, એમ.સી.આઈ. અને વિવિધ સ્તરે અન્ય સત્તાવાળાઓ દ્વારા આ બાબત પર વિચારણા કરવામાં આવી હતી. ઓગસ્ટ ૧૯૯૭ માં સમસ્યાનો ઉકેલ શોધવાની શક્યતાઓ તપાસવા માટે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે રશિયા અને સી.આઈ.એસ. દેશોની મુલાકાત લીધી હતી. ૨૦.૮.૧૯૯૭ ના રોજ રજૂ કરાયેલા પોતાના અહેવાલમાં તે પ્રતિનિધિમંડળે ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ની સંસ્થાઓ દ્વારા એનાયત કરાયેલી મેડિકલ ડિગ્રીઓની માન્યતા સંબંધે કેન્દ્ર સરકારને નીચે મુજબની ભલામણો કરી હતી:

> "(એ) ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ની સંસ્થાઓમાંથી ૬ વર્ષ કરતાં ઓછા સમયગાળાનો મેડિકલ ડિગ્રી અભ્યાસક્રમ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ

નોંધણી માટે પાત્ર રહેશે નહિ, કારણ કે એક વર્ષના પ્રારંભિક/ભાષા અભ્યાસક્રમ પછી એમ.ડી. (ફિઝિશિયન) અભ્યાસક્રમનો સમયગાળો ૬ વર્ષનો છે.

(બી) એમ.સી.આઈ. માન્યતાપ્રાપ્ત સંસ્થામાં કુલ છ વર્ષનો ક્લિનિકલ એમ.ડી. (ફિઝિશિયન) અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ એટલે કે ૧.૧.૧૯૯૭ ના રોજ અથવા ત્યારબાદ માન્યતાપ્રાપ્ત એમ.ડી. (ફિઝિશિયન) પદવી મેળવનારાઓએ તે લાયકાત મેળવ્યા પછી એક વર્ષની ઇન્ટર્નશીપ પૂર્ણ કરવાની રહેશે. અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નિર્ધારિત કાઉન્સિલના અન્ય માપદંડો પૂર્ણ કરતા હોય તે શરતે જ આવા ઉમેદવારો એમ.સી.આઈ. એક્ટ, ૧૯૫૬ ની કલમ ૧૩(૩) હેઠળ કાયમી નોંધણી માટે પાત્ર રહેશે.

(સી) એમ.સી.આઈ. દ્વારા માન્યતાપ્રાપ્ત ન હોય તેવી સંસ્થામાં અભ્યાસ કર્યો હોય અને ત્યારબાદ સ્થળાંતર કરીને એમ.સી.આઈ. માન્યતાપ્રાપ્ત સંસ્થામાંથી ક્લિનિકલ અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ નોંધણી માટે પાત્ર રહેશે નહિ, કારણ કે આવા કેસોમાં ઉમેદવારોએ માન્યતાપ્રાપ્ત સંસ્થામાંથી ૬ વર્ષનો મેડિકલ અભ્યાસક્રમ પૂર્ણ કર્યો નથી."

તમામ સુસંગત પરિબળો પર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી; ૨૮.૧૦.૧૯૯૭ ના રોજ એમ.સી.આઈ. અને આરોગ્ય તથા પરિવાર કલ્યાણ

મંત્રાલયના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં નીચે મુજબનો નિર્ણય લેવામાં આવ્યો હતો:

"૧. ભારત સરકાર દ્વારા જેમની માન્યતા રદ કરવામાં આવી હતી તેવી બે સંસ્થાઓ એટલે કે દાગેસ્તાન સ્ટેટ મેડિકલ ઇન્સ્ટીટ્યુટ, રશિયા અને અઝરબૈજાન મેડિકલ ઇન્સ્ટીટ્યુટ, અઝરબૈજાનના દરજ્જામાં કોઈ ફેરફાર થશે નહિ.

૨. ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ની અન્ય તબીબી સંસ્થાઓની માન્યતા રદ કરવા તરફ આગળ વધવાને બદલે, આ સંસ્થાઓમાંથી પદવી મેળવીને ભારત પરત આવી રહેલા વિદ્યાર્થીઓ માટે પોસ્ટ–સ્ક્રીનિંગની વ્યવસ્થા તાત્કાલિક દાખલ કરી શકાય છે. કોઈપણ વિદેશી તબીબી સંસ્થામાંથી મેડિકલ ડિગ્રી મેળવીને ભારત પરત ફરતા તમામ વિદ્યાર્થીઓને આ વ્યવસ્થા લાગુ કરી શકાય છે.

૩. આ દેશોની તબીબી સંસ્થાઓમાં પ્રવેશ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે પ્રી–સ્ક્રીનિંગની વ્યવસ્થા પણ એમ.સી.આઈ. દ્વારા તૈયાર કરવામાં આવશે. આગામી શૈક્ષણિક વર્ષથી આ વ્યવસ્થા દાખલ કરી શકાય છે.

૪. ઉપર સૂચવેલી પ્રી–સ્ક્રીનિંગ અને પોસ્ટ–સ્ક્રીનિંગ પ્રક્રિયાઓ દાખલ કરવા માટેની તકનીકી વિગતો એમ.સી.આઈ. અને આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્તપણે તૈયાર કરવામાં આવશે."

અગાઉ નિર્દેશ કર્યો તેમ, યુ.એસ.એસ.આર. ના વિભાજન પછી વિદ્યાર્થીઓના પ્રવેશો માન્યતાપ્રાપ્ત કોલેજોમાં અભ્યાસ ન કર્યો હોવાને કારણે અથવા આંશિક રીતે માન્યતાપ્રાપ્ત અને આંશિક રીતે બિન–માન્યતાપ્રાપ્ત કોલેજોમાં અભ્યાસ કર્યો હોવાને કારણે અથવા તેમણે નિર્ધારિત છ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ ન કર્યો હોવાને કારણે વિગેરે મુશ્કેલીઓમાં મુકાયા હતા. આ પરિસ્થિતિઓનો ઉકેલ લાવવા માટે એમ.સી.આઈ. ની કારોબારી સમિતિએ ૩૧.૩.૨૦૦૦ ના રોજ બેઠક યોજી હતી અને નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હતો:

"સોવિયત યુનિયનના વિભાજનને કારણે ઉપસ્થિત થયેલી વિવિધ સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે, કારોબારી સમિતિએ એક વખતના પગલા તરીકે માનનીય સુપ્રિમ કોર્ટની વિચારણા અર્થે નીચે મુજબના સંભવિત ઉકેલો રજૂ કરવાનો નિર્ણય કર્યો હતો :–

(૧) મેડિકલ કાઉન્સિલના અભિપ્રાય મુજબ ૧૦+૨ ની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાનમાં ૫૦% કરતાં ઓછા ગુણ મેળવનાર કોઈપણ વિદ્યાર્થી નોંધણી માટે બિલકુલ પાત્ર ગણાશે નહિ. કાઉન્સિલના સુવિચારિત મત મુજબ જાહેર આરોગ્યના બૃહદ હિતમાં આ એક અત્યંત અનિવાર્ય બાબત છે.

(૨) એમ.સી.આઈ. માન્યતાપ્રાપ્ત સંસ્થાઓ એક વર્ષની ઇન્ટર્નશીપ સાથે ૬ વર્ષનું તબીબી શિક્ષણ પ્રદાન કરે છે. તેથી, ૬ વર્ષનું તબીબી શિક્ષણ

પૂર્ણ કરનારા અને અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂરો કરીને પદવી મેળવનારા અને ત્યારબાદ એક વર્ષની ઇન્ટર્નશીપ પૂર્ણ કરનારા (બંને માન્યતાપ્રાપ્ત સંસ્થાઓમાં) વિદ્યાર્થીઓને આવી માન્યતાપ્રાપ્ત સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલી ડિગ્રીઓ જ અધિનિયમની કલમ ૧૨/૧૩(૩) ની જોગવાઈઓ હેઠળ નોંધણી માટે પાત્ર રહેશે.

(૩) ૬ વર્ષનું તબીબી શિક્ષણ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પૈકી, જેમણે શરૂઆતનો ૪ મહિનાથી વધુ નહિ તેટલો સમયગાળો બિન–માન્યતાપ્રાપ્ત સંસ્થામાં અને બાકીનો અભ્યાસ માન્યતાપ્રાપ્ત સંસ્થામાં કર્યો હોય, તેમણે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા માન્યતાપ્રાપ્ત સંસ્થામાં નિયમિત એક વર્ષની ઇન્ટર્નશીપ કરવી પડશે.

(૪) ૬ વર્ષનું તબીબી શિક્ષણ પૂર્ણ કરનારા પરંતુ ૪ મહિના કરતાં વધુ અને ૬ મહિના કરતાં વધુ નહિ તેટલો સમયગાળો બિન–માન્યતાપ્રાપ્ત સંસ્થામાં અને બાકીનો અભ્યાસ માન્યતાપ્રાપ્ત સંસ્થામાં કરનારા વિદ્યાર્થીઓએ ૧૮ મહિનાની ઇન્ટર્નશીપ કરવી પડી શકે છે.

(૫) ૫ ૧/૨ વર્ષનું તબીબી શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ (ભલે માન્યતાપ્રાપ્ત સંસ્થામાં હોય) એક પરીક્ષામાં ઉપસ્થિત થશે અને તેમાં સફળ થવા પર તે પૈકીના દરેકને લાગુ પડતી હદ સુધી ઠરાવનો લાભ મળશે. એમ.સી.આઈ. ના ઉપરોક્ત ઠરાવ હેઠળ લાભ મેળવનારા અને નોંધણી માટે હકદાર બનનારા ઉમેદવારોની કામચલાઉ નોંધણી કરવામાં

આવશે અને તેઓ પરીક્ષામાં ઉપસ્થિત થશે. સફળ થવા પર (વધુમાં વધુ ૩ પ્રયાસોમાં) તેમણે નિયમિત ૧૨ મહિનાની ઇન્ટર્નશીપ પૂર્ણ કરવાની રહેશે, જે પછી તેમની નોંધણી અંગે વિચારણા કરવામાં આવશે.

(૬) અન્ય તમામ કેસોમાં, જ્યાં ઉમેદવાર અન્યથા લાયક હોય (એટલે કે) તેણે ૧૦+૨ ની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાનમાં ૫૦% કરતાં વધુ ગુણ મેળવ્યા હોય પરંતુ માન્યતાપ્રાપ્ત સંસ્થામાં ૫ ૧/૨ વર્ષ કરતાં ઓછો સમય વિતાવ્યો હોય (ભલે સંક્ષિપ્ત અભ્યાસક્રમના કારણે હોય અથવા બિન–માન્યતાપ્રાપ્ત સંસ્થામાં ૬ મહિના કરતાં વધુ સમય વિતાવવાના કારણે હોય), તેવા ઉમેદવારે પોતાની માન્યતાપ્રાપ્ત સંસ્થાને પોતાની ડિગ્રી પરત કરવી પડી શકે છે, અને તે જ માન્યતાપ્રાપ્ત સંસ્થામાં ૬ વર્ષનું તબીબી શિક્ષણ પૂર્ણ થાય તે રીતે ખૂટતો સમયગાળો પૂરો કરવો પડશે અને ત્યારબાદ નવી પદવી મેળવવાની રહેશે."

વધુમાં એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે ઉપરોક્ત સંદર્ભિત પરીક્ષા ઠરાવમાં સૂચવ્યા મુજબ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સિસ દ્વારા આયોજિત પરીક્ષા જેવી જ રહેશે. એમ.સી.આઈ. નો આ ઠરાવ પેન્ડિંગ એસ.એલ.પી. (સિવિલ) નંબર ૧૩૮૧૩/૧૯૯૯ માં આ કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

કોર્ટે ૧૪.૧૧.૨૦૦૦ ના વચગાળાના હુકમ દ્વારા એમ.સી.આઈ. ને એવો

નિર્દેશ આપ્યો હતો કે માન્યતાપ્રાપ્ત સંસ્થાઓમાંથી મેડિકલ ડિગ્રી મેળવનાર અને ૧૫.૩.૨૦૦૧ પહેલાં નોંધણી માટે એમ.સી.આઈ. સમક્ષ અરજી કરનાર તમામ વિદ્યાર્થીઓની કામચલાઉ નોંધણી કરવી. માન્યતાપ્રાપ્ત સંસ્થાઓમાંથી પોતાની પદવી પૂર્ણ કરી હોય પરંતુ ૧૫.૩.૨૦૦૧ પછી એમ.સી.આઈ. સમક્ષ અરજી કરી હોય તેવા વિદ્યાર્થીઓની આવી અરજી કર્યાની તારીખથી ચાર અઠવાડિયાની અંદર કામચલાઉ નોંધણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે કોઈપણ ઉમેદવાર દ્વારા લેવામાં આવી રહેલો લાભ આખરી સુનાવણી વખતે પેન્ડિંગ અપીલોમાં કરી શકાય તેવી કોઈપણ રજૂઆતોને બાધ પહોંચાડ્યા વિનાનો રહેશે.

ઉપરોક્ત નિર્ણયોના અનુસંધાનમાં કેન્દ્ર સરકારે આ વહીવટી નિર્ણયોને અમલમાં મૂકવા માટે અધિનિયમની કલમ ૧૩ માં સુધારો કરવાની સંસદીય ઔપચારિકતાઓ હાથ ધરી હતી. સંસદીય ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી અધિનિયમમાં વધુ સુધારો કરવા માટેનું વિધેયક ૧૨.૩.૨૦૦૧ ના રોજ રાજ્યસભામાં તેના નીચે મુજબના ઉદ્દેશો અને કારણોના કથન સાથે રજૂ કરવામાં આવ્યું હતું:

> "૧. ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૫૬ વિદેશી દેશોની તબીબી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી તબીબી લાયકાતોને માન્યતા આપવાના ઉદ્દેશથી કલમ ૧૨, ૧૩ અને ૧૪ માં જોગવાઈઓ ધરાવે છે.
>
> ૨. સમય જતાં એ બાબત ધ્યાને આવી છે કે મોટી સંખ્યામાં ખાનગી

એજન્સીઓ વ્યાપારી લાભ ખાતર ભારતના બહારની સંસ્થાઓમાં તબીબી અભ્યાસ માટે વિદ્યાર્થીઓને સ્પોન્સર કરે છે. તાજેતરના વર્ષોમાં એવું પણ જોવા મળ્યું છે કે તબીબી શિક્ષણ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. મેડિસિનમાં અભ્યાસ માટે વિદેશ જતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભારતમાં મેડિકલ વિદ્યાર્થીઓ તરીકે નોંધણી માટેની મૂળભૂત શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી અથવા તો તેઓ એવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે કે જે માત્ર રશિયન/અંગ્રેજી ભાષાનું પ્રારંભિક જ્ઞાન નિર્ધારિત કરે છે, જે વિષયોને સમજવા માટે અપૂરતું હોઈ શકે છે, જેના પરિણામે તેઓ ભારતમાં નિર્ધારિત પ્રવેશ આવશ્યકતાઓ કરતાં નીચી આવશ્યકતાઓના આધારે મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી લે છે. આ વિદેશી તબીબી સંસ્થાઓમાંથી પદવી મેળવનારા વિદ્યાર્થીઓની ક્ષમતા ચકાસવા માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી, આવી ડિગ્રીઓના પરિણામે તબીબી સંભાળના ધોરણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

૩. વધુમાં, મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા અગાઉથી પાત્રતા પ્રમાણપત્ર આપવાથી એ સુનિશ્ચિત થશે કે ભારતમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કાઉન્સિલના ધોરણોને અનુરૂપ હોય તેવા ઉમેદવારો જ ભારત બહાર અંડરગ્રેજ્યુએટ મેડિકલ શિક્ષણ માટે જશે.

૪. આ વિધેયક ઉપરોક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માંગે છે.

સી. પી. ઠાકુર

નવી દિલ્હી

૨ માર્ચ, ૨૦૦૧."

આ વિધેયક સંસદના બંને ગૃહો દ્વારા પસાર થયા પછી અધિનિયમની કલમ ૧૩ માં સુધારો કરવામાં આવ્યો હતો. ભારતના ગેઝેટમાં જે તારીખે તે અધિસૂચિત થાય તે તારીખથી તેનો અમલ થવાનો હતો.

૨૮.૯.૨૦૦૧ ના રોજ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ (સુધારા) અધિનિયમ, ૨૦૦૧ (જે હવે પછી "૨૦૦૧ નો સુધારા અધિનિયમ" તરીકે ઉલ્લેખિત છે) ની જોગવાઈઓ અનુસાર એમ.સી.આઈ. એ અનુક્રમે કલમ ૧૩(૪એ) અને ૧૩(૪બી) માં જોગવાઈ કર્યા મુજબ કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી મેળવવા માટે "સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ", ૨૦૦૨ અને "વિદેશી તબીબી સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં પ્રવેશ મેળવવા માટેની પાત્રતા આવશ્યકતા નિયમો, ૨૦૦૨" ના મુસદ્દા કેન્દ્ર સરકારને સુપરત કર્યા હતા. કેન્દ્ર સરકારે જાન્યુઆરી, ૨૦૦૨ માં ચોક્કસ ફેરફારો સાથે તે નિયમોને પોતાની મંજૂરી જણાવી હતી અને સત્તાવાર ગેઝેટમાં વૈધાનિક નિયમો પ્રસિદ્ધ કરવાની તારીખ ૧૫.૩.૨૦૦૨ રાખવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, જે એમ.સી.આઈ. દ્વારા સ્વીકારવામાં આવી હતી અને ૧૫.૩.૨૦૦૨ ના રોજ સત્તાવાર ગેઝેટમાં આ નિયમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા.

એમ.સી.આઈ. દ્વારા દાખલ કરાયેલી અપીલોનો આખરી નિકાલ આ કોર્ટે

દીવાની અપીલ નંબર ૨૭૭૯/૨૦૦૦ – મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા વિરુદ્ધ ઇન્ડિયન ડોક્ટર્સ ફ્રોમ રશિયા વેલ્ફેર એસોસિએશન્સ અને અન્ય, સાથેના જોડાયેલા કેસો કે જે [૨૦૦૨] ૩ એસસીસી ૬૯૬ માં રિપોર્ટ થયેલ છે, તેમાં તારીખ ૮.૩.૨૦૦૨ ના સંયુક્ત ચુકાદા દ્વારા કર્યો હતો. એ નોંધવામાં આવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર ૧૫.૩.૨૦૦૧ પહેલાં વિદેશમાં પોતાની ડિગ્રી પૂર્ણ કર્યા પછી એમ.સી.આઈ. સમક્ષ કામચલાઉ નોંધણી મંજૂર કરવા અરજી કરનારા ઘણા લોકો હતા પરંતુ વિવિધ કારણોસર એમ.સી.આઈ. દ્વારા તેમને કામચલાઉ નોંધણી આપવામાં આવી ન હતી. કોર્ટે માનવીય સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે એક વખતના પગલા તરીકે સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ભારત સરકાર દ્વારા ઘડાયેલી માર્ગદર્શિકાને મંજૂરી આપી હતી. જોકે, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ભવિષ્યના કેસો સરકાર દ્વારા મંજૂર કરાયેલા એમ.સી.આઈ. ના સુધારેલા નિયમો દ્વારા શાસિત થશે.

મોટા પાયે જોઈએ તો આ રીટ અરજીઓને બે જૂથોમાં વહેંચી શકાય છે. પ્રથમ જૂથમાં એવા અરજદારો છે કે જેમણે વર્ષ ૨૦૦૨ માં પોતાની એમ.ડી. (ફિઝિશિયન) પરીક્ષા પાસ કરી હતી. બીજા જૂથમાં એવા અરજદારો છે કે જેમણે વર્ષ ૨૦૦૩ માં અને ત્યારબાદ પોતાનો મેડિસિન અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો.

રીટ અરજદારો પોતાનું તબીબી શિક્ષણ મેળવવા માટે ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. નો ભાગ બનેલા વિવિધ દેશોમાં ગયા હતા. તેમણે વર્ષ

૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૧૯૯૯ અને ૨૦૦૦ માં પ્રવેશ મેળવ્યો હતો. એ જણાવવું યોગ્ય રહેશે કે એમ.ડી. (ફિઝિશિયન) નો અભ્યાસક્રમ છ વર્ષના સમયગાળાનો હતો. એમ.બી.બી.એસ. અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતાં પહેલાં તેમણે એક વર્ષનો પ્રારંભિક અભ્યાસક્રમ કર્યો હતો, જેમાં રશિયન ભાષાની તાલીમ તેમજ ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન જેવા મૂળભૂત વિષયોનો સમાવેશ થતો હતો. શિક્ષણનું માધ્યમ રશિયન ભાષા તેમજ સદરહુ સંસ્થા અને યુનિવર્સિટી જે રાજ્યમાં આવેલી હતી ત્યાં બોલાતી ભાષા હતી. સમિતિ દ્વારા રશિયન ભાષામાં પ્રાવીણ્ય અને સમજણ માટે મૌખિક કસોટી લેવામાં આવી હતી. એમ.ડી. ફિઝિશિયન અભ્યાસક્રમ માટે પાત્ર બનવા માટે વિદ્યાર્થીઓએ કુલ ગુણના ઓછામાં ઓછા ૬૦% ગુણ સાથે ગુણવત્તા આધારિત પરીક્ષા પાસ કરવી જરૂરી હતી. એમ.ડી. ફિઝિશિયન અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રવેશ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણ પર આધારિત હતો. કુલ ૬૦% ગુણ મેળવવામાં નિષ્ફળ રહેલા વિદ્યાર્થીઓને પ્રવેશ નકારવામાં આવ્યો હતો. છ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી તેમને તેમની સંબંધિત સંસ્થાઓ/યુનિવર્સિટીઓ દ્વારા એમ.ડી. (ફિઝિશિયન) ની પદવી એનાયત કરવામાં આવી હતી.

પ્રારંભિક અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી અને એમ.ડી. (ફિઝિશિયન) અભ્યાસક્રમ માટે પસંદગી પામ્યા પછી, અરજદારોએ પોતાની સંબંધિત કોલેજોમાં છ વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. કેટલાક અરજદારોએ વર્ષ ૨૦૦૧ માં, કેટલાકે વર્ષ ૨૦૦૨ માં અને અન્ય અરજદારોએ વર્ષ ૨૦૦૩ માં

અને ત્યારબાદ પોતાની પદવીઓ મેળવી હતી.

જ્યાં સુધી વર્ષ ૨૦૦૧ માં પાસ થયેલી બેચનો સંબંધ છે, તેમને આ કોર્ટ દ્વારા પસાર કરાયેલા તારીખ ૧૪.૧૧.૨૦૦૦ ના વચગાળાના હુકમ મુજબ એમ.સી.આઈ. દ્વારા કામચલાઉ નોંધણી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૨ માં અને ત્યારબાદ ડિગ્રી અભ્યાસક્રમ પાસ કરનારા અરજદારોને એમ.સી.આઈ. દ્વારા એ કારણોસર નોંધણી નકારવામાં આવી રહી છે કે તેમણે સ્ક્રીનિંગ ટેસ્ટ રેગ્યુલેશન્સ, ૨૦૦૨ મુજબ સ્ક્રીનિંગ ટેસ્ટ પાસ કરવો પડશે.

ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૫૬ માં ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ (સુધારા) અધિનિયમ, ૨૦૦૧ દ્વારા તારીખ ૩.૯.૨૦૦૧ થી અમલમાં આવે તે રીતે સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારા પહેલાં, ત્રીજી અનુસૂચિના ભાગ ૨ માં સમાવિષ્ટ ભારત બહારના દેશોની તબીબી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી તબીબી લાયકાતો આ અધિનિયમના હેતુઓ માટે માન્યતાપ્રાપ્ત તબીબી લાયકાતો ગણાતી હતી અને તબીબી લાયકાત ધરાવતી તમામ વ્યક્તિઓ ભારતમાં નોંધણી મેળવવા હકદાર હતી. જોકે, સદરહુ સુધારા દ્વારા અધિનિયમની કલમ ૧૩(૩) માં સુધારો કરવામાં આવ્યો હતો અને એવી જોગવાઈ કરવામાં આવી હતી કે આવી તબીબી લાયકાતો હવેથી માત્ર "કેન્દ્ર સરકાર, સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તે તારીખ પહેલાં" જ માન્યતાપ્રાપ્ત તબીબી લાયકાત ગણાશે. સુધારા અધિનિયમમાં અધિનિયમની કલમ ૧૩(૩) ની સુધારેલી જોગવાઈઓનો અમલ કરવા માટે કઈ તારીખ

નિર્દિષ્ટ કરવી તે અંગે યોગ્ય વિચારણા કરવાનું કામ કેન્દ્ર સરકાર પર છોડવામાં આવ્યું છે.

અરજદારોના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર ગેઝેટમાં ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર. ની સંસ્થાઓની મેડિકલ ડિગ્રીઓની માન્યતા કઈ તારીખથી રદ કરવામાં આવી અથવા માન્ય રહેતી બંધ થઈ તે તારીખ નિર્દિષ્ટ કરતું કોઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ન હતું. અધિનિયમની કલમ ૧૩(૩) હેઠળના જાહેરનામાના અભાવે અરજદારોની પદવીઓ માન્યતાપ્રાપ્ત તબીબી લાયકાતો તરીકે ચાલુ રહે છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે એમ.સી.આઈ. દ્વારા બહાર પાડવામાં આવેલું તારીખ ૧૫.૩.૨૦૦૨ નું જાહેરનામું કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલું જાહેરનામું ગણી શકાય નહિ. કેન્દ્ર સરકારે વાપરવાની કારોબારી સત્તાઓ કોઈ સ્વાયત્ત સંસ્થા એટલે કે એમ.સી.આઈ. ને સોંપી શકાય નહિ. તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા એમ.સી.આઈ. દ્વારા વાપરી શકાય નહિ. અધિનિયમની સુધારેલી જોગવાઈઓ હેઠળ કેન્દ્ર સરકારે જ તારીખ નિર્દિષ્ટ કરવાની હોય છે.

